

## વિષય : શાળામાં ચાલતા વિવિધ પ્રોજેકટથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને થતા ફાયદા

**વૈશાલીબેન પરમાર**
(પ્રા.વિ.-ગુ.મા.)

શાળામાં ચાલતા વિવિધ પ્રોજેકટ જેવા કે સપના કરો સાકાર, જીવન કૌશલ્ય, પારસમણી પ્રોજેકટ,સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે વિદ્યાર્થીને લગતા વીસથી વધુ પ્રોજેકટ થાય છે. તેમજ શિક્ષકો સતત અપગ્રેડ થતા રહે તેમજ નવી શિક્ષણ નીતિને અનુરૂપ શૈક્ષણિક કાર્યમાં નવીનતા લાવે એ માટે જ્ઞાનસત્ર, શૈક્ષણિક સેમીનાર જેવા શિક્ષકોને લગતા પ્રોજેકટ થાય છે.

**વિદ્યાર્થીઓને થતા ફાયદા :** વિદ્યાર્થીઓ પ્રોજેકટના વિષયને અનુરૂપ બીજા વિષયોથી પણ માહિતગાર થાય છે. સર્જનાત્મકતા, સહકાર અને ટીમ વર્ક, પ્રશ્ન પૂછવા, ટેકનિકલ, વિચારશકિત, હકારાત્મક વિચારો, ઊંચા ધ્યેય જેવા કૌશલ્યનો વિકાસ થાય છે. તેમજ વિદ્યાર્થીઓની જીજ્ઞાસાવૃતિ સંતોષાય છે.

**વાલીઓને થતા ફાયદા :** પ્રોજેકટથી વાલીઓ બાળકના વિકાસની સમજૂતી મેળવે છે. તેમજ પ્રોજેકટકાર્યમાં સક્રિય ભાગીદારી આપે છે.શાળામાં ચાલતા વાલી-મિટીગ, માતૃ-પિતૃ સંમેલન જેવા પ્રોજેકટ દ્વારા વાલી, શાળા અને શિક્ષક વચ્ચે સુમેળભર્યા સબંધ બંધાય છે. પોતાના બાળકોના પ્રદર્શન વિશે ગર્વ અનુભવે છે.

**શિક્ષકોને થતા ફાયદા :** શાળામાં ચાલતા જ્ઞાનસત્ર તેમજ તજજ્ઞોના સેમીનાર દ્વારા શિક્ષકાના શૈક્ષણિકકાર્યમાં નાવિન્ય આવે છે. પ્રોજેકટકાર્યથી શિક્ષકોને વિદ્યાર્થીઓ સાથે હૃદયથી જોડાણ થાય છે. અધ્યાપનનો શ્રેષ્ઠ વિકાસ થાય છે. પ્રોજેકટકાર્યથી શિક્ષકો અને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકનનું કાર્ય સરળ બને છે.



## વિષય : બાળકોમાં સંસ્કાર ઘડતર કેવી રીતે કરશો ?

**અનીતાબેન પટેલ**
(પ્રા. વિ.-ગુ.મા)

સંસ્કાર એ બાળકના જીવનનાં ઘડતરનો મજબૂત પાયો છે. તે બાળકને નૈતિક, સામાજિક અને માનવતાના મૂલ્યો સાથે જોડે છે. બાળકોમાં સંસ્કારનું ઘડતર તેમની વ્યકિતગત તેમજ સામાજિક જવાબદારીના બોધ માટે ખૂબ જ જરૂરી છે.

સંસ્કાર ઘડતરનો મુખ્ય આધાર પ્રેમ અને સહાનુભૂતિ છે. આ પ્રક્રિયામાં દરેક બાળકનો વર્તન અને સ્વભાવ સમજવો અને તેના આધારે માર્ગદર્શન આપવું આવશ્યક છે. આ રીતે તેઓમાં આત્મશ્વિાસ અને સજાગ નાગરિક બનવાની ક્ષમતા વિકસાવવામાં મદદ થશે.

વાર્તા અભિનય સાથે ભજન, નાટક અથવા રમતો દ્વારા જીવનના ગુણ શીખવવા. મહાનપુરુષોના જીવન ચરિત્ર, ધાર્મિક સ્થળની મુલાકત, મહાન નારીઓ, મહાન પુરુષોના જીવનના પ્રસંગો સંભળાવીને બાળકોમાં સંસ્કારનું ઘડતર કરી શકાય છે.



## વિષય : વર્ગખંડનું વ્યવસ્થાપન

**પદમાબેન પરમાર**
(પ્રા.વિ.-ગુ.મા.)

વર્ગખંડમાં શ્રેષ્ઠ પરિસ્થિતિઓનું નિર્માણ કરી વિદ્યાર્થીઓનાં વર્તન માટે સ્પષ્ટ અપેક્ષાઓ અસરકારક રીતે પરિપૂર્ણ થાય તે માટે વર્ગખંડનું વ્યવસ્થાપન કરવું જરૂરી છે. તેના માટે કેટલા જવાબદાર પરિબળો નીચે મુજબ છે.

(૧) વર્ગખંડમાં વિદ્યાર્થીને પૂર્વજ્ઞાન સાથે ઉંડાણપૂર્વક વિષયવસ્તુની સમજણ આપવી જોઇએ.
(૨) શૈક્ષણિક કાર્ય દરમ્યાન વિદ્યાર્થીઓ રમત,હળવી કસરત, ધ્યાન કેન્દ્રિત ,વાર્તાલાપ જેવી વૈવિધ્યસભર પ્રવૃતિ ધ્વારા શિક્ષણ મેળવે તો વિષયવસ્તુ સરળ બને.
(૩) પ્રોજેકટ આધારીત શિક્ષણ વિદ્યાર્થી નાં જ્ઞાનમાં વધારો થાય ,વૈચારિક શકિત વિકસે અને એકાગ્રતા વધે.
(૪) વર્ગખંડનું ભૌતિક વાતાવરણ, વર્ગખંડનું વાતાવરણ સુસજ્જ હોવું જોઇએ.
(૫) વર્ગખંડમાં માનવીય સંબંધ–વિદ્યાર્થીની શારીરિક કે માનસિક તંદુરસ્તી ધ્યાને રાખે તેની સાથે વધુ આત્મિયતા પૂર્વ વ્યવહાર.
(૬) આત્મવિશ્વાસનું વ્યવસ્થાપન પ્રશ્નોતરી ધ્વારા વિદ્યાર્થીમાં આત્મ વિશ્વાસ જાગે છે.
(૭) શિક્ષકોની ગેરહાજરીમાં વર્ગની સમિતિ અનુસાર વિદ્યાર્થીઓને કાર્ય સોંપવું.
(૮) તાસ બદલાતા શ્લોક મુખપઠન કરાવવું
(૯) સ્પષ્ટ અવાજ સાથે શુધ્ધ ઉચ્ચારણ શિક્ષકનું હોવું જરૂરી છે.
(૧૦) પ્રવૃત્તિ આધારીત વર્ગખંડમાં બેઠક વ્યવસ્થા
(૧૧) વર્ગખંડનું શિસ્તબધ્ધ આયોજન.



**શિક્ષક સમાજના પગલે ચાલતો નથી. પરંતુ સમાજ શિક્ષકના પગલે ચાલે છે.**



## વિષય : ગુજરાતી સાહિત્યની આજની પરિસ્થિતિ

**સંધ્યાબેન પરમાર**
(પ્રાથમિક વિભાગ-ગુ.મા)

સાહિત્યકારો પોતાના લેખનમાં માતૃભાષ ઉપરાંત અન્યભાષાનો પણ ઉપયોગ કરતા થયા છે. અત્યારના સાહિત્યમાં ઘણીવાર જે લેખન થાય છે, તેના વાંચનથી વાચનારાના હ્યદયને સ્પર્શી જાય તેવો ભાવ જાગૃત થતો નથી.

આજના યુગમાં આધુનિક ટેકનોલોજીને કારણે વ્યકિતઓ જરૂરી માહિતી (ગુગલ) પરથી મેળવી લેતા હોવાના કારણે વધારાનુ વાંચન ઓછું થાય છે. સાહિત્યકારોના સાહિત્યના કયારેક સ્વઅનુભવો કાલ્પનિક વિચારો કે કોઈક સત્ય ઘટનાને રસપ્રદ રીતે થતી જોવા મળતી નથી.

આજના લોકપ્રિય નવલકથાકારો, વાર્તાકારોમાં રઘુવીર ચૌધરીની ''સોમતીર્થ'' નવલકથા જેમા સિધ્ધ-મર્યાદા, ઐતિહાસિક મહત્વ છે.

આઈ.કે. વીજળીવાળાની ''મોતીચારો'' પુસ્તકમાં હ્યદય સ્પર્શી, લાગણીસભર, ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા પ્રગટ થાય છે. મણીલાલ દ્વિવેદી ''ગુલાબસિંહ'' નવલકથા લોર્ડ લિર્ટન કૃત અંગ્રેજી ઝેનોન પર આધારીત છે.

---



## વિષય : બાળકોમાં કેવા સપનાનું વાવેતર કરશો?

**ભટ્ટ હેતલ ડી.**
(પ્રાથમિક વિભાગ)

આજના યુગમાં એટલી બધી યાંત્રિકતાઆવી ગઈ છે કે આપણે બાળકોમાં સપના રોપવા પડે છે. આપણે બાળકને સૌથી પહેલાં એક સારા મનુષ્ય બનતા શીખવાડવાનું છે, તેઓમાં હંમેશા સકારાત્મક વલણ અને વિચાર બંને લાવવાનાં છે. હંમેશા તેઓને પ્રોત્સાહન કરવાનું છે કે 'તે કરી શકે છે'. You can be. તેવા ધ્યેય સાથે ઊભા કરવાનાં છે. ઉપરાંત મહાન ક્રાંતિકારીઓની વાર્તાઓ સંભળાવવી જોઇએ કે તેઓમાં પ્રમાણિકતા અને નિર્ભયતાનો ગુણ વિકસે.

ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ જે ભારતનાં રાષ્ટ્રપતિ થઇ ચૂક્યા તેમનાં જીવનમાં તેમનાં શિક્ષકનો જ પ્રતાપ છે કે તેઓ એક 'મિસાઇલ મેન' તરીકે જાણીતા થયા. તેઓ કહે છે કે, 'Small aim is a crime, have a great aim' બીજા સૌથી બુધ્ધિશાળી વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઈન, તેઓનાં જીવનમાં પણ તેમનાં શિક્ષકનો ખૂબ મહત્વનો ફાળો છે.

તેઓ કહે છે કે,

" Try not to become a man of success, but rather try to become a man of value."

---



## વિષય : બાળકોમાં મેનર્સ અને એટીટ્યુટ કેવી રીતે ?

**પરમાર ધર્મિષ્ઠા આર.**
(મ.શિ. પૂર્વ-પ્રાથમિક)

બાળકોમાં મેનર્સ અને એટીટ્યુટ દ્વારા આપણે સારા સંસ્કારનું સિંચન કરી શકીએ છીએ તેને સારા નાગરિક તરીકે સમાજમાં વિકસાવી શકાય ને મેનર્સ અને એટીટ્યુટના ઉપયોગથી જ બાળકમાં પોતાનું અલગ વ્યકિતત્વ ઊભુ કરી શકે છે. અને તે આવશ્યક બાબતો પ્રત્યે સંવેદનશીલ તથા ગંભીર બને છે. તેને સમાજની પ્રણાલીઓ અનુસંધાને કરવાના વર્તન અંગે સાચા ખોટાનો ખ્યાલ આવે છે.

શરીર (મન) માં ઉત્પન્ન થતી સાચી ખોટી ભાવનાઓ ઉપર કંટ્રોલ રહે છે. અને સમાજમાં એક આદર્શ નાગરિક તરીકે ખ્યાતિ મેળવે છે. આમ બાળકોને યોગ્ય મેનર્સ અને એટીટ્યુટના શિક્ષણથી વિવિધ રીતે તૈયાર કરી એક આદર્શ નાગરિક બનાવવા માટે અલગ-અલગ રીતોનો ઉપયોગ કરી શકીએ છીએ.

---

**ઊઠો, જાગો જ્યાં સુધી ધ્યેય પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કાર્યમાં લાગ્યા રહો.**

## मैथिलीशरण गुप्त की सुन्दर रचना

तप्त ह्यदय को, सरस स्नेह से,
जो सहला दे, मित्र वही है।
रूखे मन को, सराबोर कर,
जो नहला दे, मित्र वही है ।
प्रिय वियोग, संतप्त चित्त को,
जो बदला दे, मित्र वही है ।
अश्रु बूंदं की, एक झलक से,
जो दहला दे, मित्र वही है।